Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –:કાર્યવાહી:–

એકેડેમિક કાઉન્સિલની સભા સોમવાર, તા.૧૮/૧૨/૨૦૨૩નાં રોજ સવારે ૭:૩૦ કલાકે રૂમ નંબર–૧૦૧૩૩, સભાખંડ વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે મળી હતી. જેમાં ઓનલાઈન/ઓફલાઈન ઉપસ્થિત સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| **ક્રમ નં.** | **સભ્યશ્રીઓના નામ** | **હાજરી** |
|---|---|---|
| (૧) | ડૉ. કિશોરસિંહ એન.ચાવડા **(માનનીય કુલપતિશ્રી)** | હાજર |
| (૨) | ડૉ. કપિલા મનોજ | હાજર |
| (૩) | ડૉ. પત્રલેખા એ.બારડ | હાજર |
| (૪) | ડૉ. સ્નેહલકુમાર એચ. મિસ્ત્રી | ઓનલાઈન હાજર |
| (૫) | ડૉ. દિનેશકુમાર પી. ચૌધરી | ગેરહાજર |
| (૬) | ડૉ. વિપુલ આર. શાસ્ત્રી | હાજર |
| (૭) | ડૉ. સ્નેહલ કિરણભાઈ જોષી | ઓનલાઈન હાજર |
| (૮) | ડૉ. રાજેશ મહેતા | ઓનલાઈન હાજર |
| (૯) | ડૉ. આનંદકુમાર વાય. ભટ્ટ | ગેરહાજર |
| (૧૦) | ડૉ. વિમલ એ. પંડયા | હાજર |
| (૧૧) | ડૉ. જયદીપ ચૌધરી | ગેરહાજર |
| (૧૨) | ડૉ. મહેન્દ્ર ચૌહાણ | હાજર |
| (૧૩) | ડૉ. દિપકભાઈ ભોયે | હાજર |
| (૧૪) | ડૉ. ગિરીશકુમાર એન.રાણા | ઓનલાઈજર |
| (૧૫) | ડૉ. રૂસ્તમ ડી. મોરેના | ગેરહાજર |
| (૧૬) | ડૉ. કશ્યપ પી.ખરચિયા | હાજર |
| (૧૭) | ડૉ. ટી. જી. ગોહિલ | ઓનલાઈન હાજર |
| (૧૮) | ડૉ. પારૂલબેન વડગામા | હાજર |
| (૧૯) | ડૉ. નિમેષભાઈ માલી | ઓનલાઈન હાજર |
| (૨૦) | ડૉ. દિલીપ વરસાણી – (આમંત્રિત સભ્ય) | હાજર |

૧. **એકેડેમિક કાઉન્સિલ તા.૦૬/૧૨/૨૦૨૩ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.**

**(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૦૬/૧૨/૨૦૨૩ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવે છે.**

૨. કોલેજ ઓફ એજયુકેશન,ખરોડ,તા.અંકલેશ્વર,જિ.ભરૂચના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. ઈન્તેખાબ અન્સારીની તા.૦૫–૧૨–૨૦૨૩ની અરજી અવલોકનમાં લેતા સદર અરજીમાં જણાવ્યાનુસાર આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ઈન્તેખાબ અન્સારીને યુનિવર્સિટી કાર્યાલયના પત્ર ક્રમાંકઃ PG/Ph.D.ST/Education/8126/11, Dt. : July 29,2011થી એજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષયમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપેલ હોય જેમના માર્ગદર્શન હેઠળ કુલ આઠ(૮) વિદ્યાર્થીઓ સંશોધનકાર્ય પુર્ણ કરેલ હોય પરંતુ બી.એડ. કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થીIITE, યુનિવર્સિટી ગાંધીનગર સાથે સંલગ્ન જોડાયેલ હોય ત્યાર બાદ હાલ ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ થી આપની યુનિવર્સિટી સાથે બી.એડ. કોલેજ જોડાણ ધરાવતી હોય જે અન્વયે તેઓએ એજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષયમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા ચાલુ રાખવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોલેજ ઓફ એજયુકેશન,ખરોડ,તા.અંકલેશ્વર,જિ.ભરૂચના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. ઈન્તેખાબ અન્સારીનીતા.૦૫–૧૨–૨૦૨૩ની અરજી અવલોકનમાં લેતા સદર અરજીમાં જણાવ્યાનુસાર આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ઈન્તેખાબ અન્સારી ને યુનિવર્સિટી કાર્યાલયના પત્ર ક્રમાંકઃ PG/Ph.D.ST/Education/8126/11, Dt. : July 29,2011થી એજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષયમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપેલ હોય જેમના માર્ગદર્શન હેઠળ કુલ આઠ(૮) વિદ્યાર્થીઓ સંશોધનકાર્ય પુર્ણ કરેલ હોય પરંતુ બી.એડ. કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થીIITE, યુનિવર્સિટી ગાંધીનગર સાથે સંલગ્ન જોડાયેલ હોય ત્યાર બાદ હાલ ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ થી આપણી યુનિવર્સિટી સાથે બી.એડ. કોલેજ જોડાણ ધરાવતી હોય જે અન્વયે તેઓએ એજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષયમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૩. **યુનિવર્સિટી પરીસર ખાતેના ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી. વિભાગના વડાશ્રીના તા. ૦૨–૧૨–૨૦૨૩ના પત્રક્રમાંકઃ એમ.એસસી(આઈ.ટી) પ્રોગ્રામ/૮૨૬૬થી વિભાગ ખાતે ચાલતા નીચેના સર્ટીફિકેટ કોર્ષોમાં યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંકઃ એસ/પરિપત્ર/૨૨૩૦૭/૨૦૨૩, તા. ૩૧/૦૮/૨૦૨૩નાં આદેશ અનુસાર યુનિવર્સિટી દ્વારાSEC અને VACઅભ્યાસક્રમ મંજૂર કરવામાં આવેલ છે તે મુજબ SEC અને VAC અભ્યાસક્રમનાં માળખામાં નીચે મુજબનો સુધારો કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

| Sr No | Name of Certificate course | Credit | Internal Marks | External Marks | Intake | Exam Pattern |
|---|---|---|---|---|---|---|
| 1 | ENVIRONMENTALSTUDIES | 2 | 25 | 25 | 260 | Written |
| 2 | DISASTER MANAGEMENT AND PREPAREDNESS | 2 | 25 | 25 | 264 | Written |
| 3 | INTERNET AND WEB TECHNOLOGY | 2 | 25 | 25 | 264 | Written |
| 4 | E BUSINESS AND CYBER LAWS | 2 | 25 | 25 | 264 | Written |

(**નોંધ:** ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી. વિભાગના વડાશ્રીના તા. ૦૨–૫–૨૦૨૩ના પત્રક્રમાંકઃ એમ.એસસી(આઈ.ટી) પ્રોગ્રામ/૩૪૭૮થી વિભાગ ખાતે નીચેના સર્ટીફિકેટ કોર્ષો શરૂ કરવાની મંજૂરી આપવા કરેલ વિનંતી અન્વયે એકેડેમિકકાઉન્સિલે તેની તા. ૧૭–૦૫–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૨)થી કોર્ષોને મંજૂરી આપવા નીચે મુજબ ઠરાવેલ હોય તદનુસાર કાર્યવાહી કરવા કાર્યાલયના તા. ૧૯–૦૫–૨૦૨૩ પત્રક્રમાંકઃ પીજી/પ્રવેશ/૧૧૭૦૧/૨૦૨૩થી વિભાગીય વડાશ્રીને જણાવેલ હતું જે જાણ સારું.

| Sr No | Name of Certificate course | Credit | Internal Marks | External Marks | Intake | Exam Pattern |
|---|---|---|---|---|---|---|
| 1 | ENVIRONMENTALSTUDIES | 2 | 50 | 50 | 260 | MCQ |
| 2 | DISASTER MANAGEMENT AND PREPAREDNESS | 2 | 50 | 50 | 264 | MCQ |
| 3 | INTERNET AND WEB TECHNOLOGY | 3 | 50 | 50 | 264 | Written and Practical |
| 4 | E BUSINESS AND CYBER LAWS | 3 | 50 | 50 | 264 | MCQ |

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૦૫–૨૦૨૩ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૧૨)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી પરીસર ખાતેના ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.ટી.સી. વિભાગ ખાતે(1) Environmentalstudies,(2) Disaster Management And Preparedness,(3)Internet And Web Technology, (4) E Business And Cyber Laws**નામના સર્ટિફિકેટ કોર્ષ શરૂ કરવા ઓર્ડિનન્સ–188 નું પરિપાલન કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.**

**વધુમાં સદર સર્ટિફિકેટ અભ્યાસક્રમ માટે વિભાગ દ્વારા કોઈ ફી લેવાની દરખાસ્ત ન હોય** SOP **મુજબ વિદ્યાર્થી દીઠ લઘુતમ ફી લેવાની રહેશે.)**

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરીસર ખાતેના ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી. વિભાગના વડાશ્રીના તા. ૦૨–૧૨–૨૦૨૩ના પત્રક્રમાંકઃ એમ.એસસી(આઈ.ટી) પ્રોગ્રામ/૮૨૬૬થી વિભાગ ખાતે ચાલતા નીચેના સર્ટીફિકેટ કોર્ષોમાં યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંકઃ એસ/પરિપત્ર/૨૨૩૦૭/૨૦૨૩, તા. ૩૧/૦૮/૨૦૨૩નાં આદેશ અનુસાર યુનિવર્સિટી દ્વારાSEC અને VACઅભ્યાસક્રમ મંજૂર કરવામાં આવેલ છે તે મુજબ SEC અને VAC અભ્યાસક્રમનાં માળખામાં નીચે મુજબનો સુધારો મંજૂર કરવામાં આવે છે.

| Sr No | Name of Certificate course | Credit | Internal Marks | External Marks | Intake | Exam Pattern |
|---|---|---|---|---|---|---|
| 1 | ENVIRONMENTALSTUDIES | 2 | 25 | 25 | 260 | Written |
| 2 | DISASTER MANAGEMENT AND PREPAREDNESS | 2 | 25 | 25 | 264 | Written |
| 3 | INTERNET AND WEB TECHNOLOGY | 2 | 25 | 25 | 264 | Written |
| 4 | E BUSINESS AND CYBER LAWS | 2 | 25 | 25 | 264 | Written |

૪. શૈક્ષણિક વર્ષ 2023-24 થી યુનિવર્સિટિ સંલગ્ન કોલેજો માં NEP-2020 પ્રમાણે ક્રેડિટ સ્ટ્રક્ચર અમલમાં આવેલ છે,શૈક્ષણિક વર્ષ 2022-23 માં પ્રવેશ મેળવેલ વિધ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ વિથડ્રો થવાથી, નાપાસ થયેલા કે અગાવ અભ્યાસ છોડી ગયેલા વિધ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ 2023-24 ના NEP અભ્યાસક્રમમાં બીજા સેમેસ્ટરમાં એટલેકે Non NEP માથી NEP અભ્યાસક્રમમાં જે તે સેમેસ્ટર માં પ્રવેશ આપી શકાય કે કે તેમજ તે અંગે ERP System માં જરૂરી વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ઠરાવ ક્રમાંકઃ૧૧ મુજબ કાર્યવાહી કરવી.**

૫. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Statistics (Sem-2 ) નો & M.Sc. Applied Statistics (Sem-2) નો અભ્યાસક્રમ આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિનાં ચેરમેનશ્રીએ બોર્ડવતી અને વિજ્ઞાન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરી અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Statistics (Sem-2 ) નો & M.Sc. Applied Statistics (Sem-2) નો અભ્યાસક્રમ આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિનાં ચેરમેનશ્રીએ બોર્ડવતી અને વિજ્ઞાન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરી અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૬. અત્રે યુનિવર્સિટી ખાતે ૫૫ મો વાર્ષિક પદવીદાન સમારંભ-૨૦૨૪ તા.૨૬/૦૨/૨૦૨૪ ના રોજ યોજાનાર હોય. તેમાં વિદ્યાર્થીઓને એનાયત કરવાની થતી પદવી પ્રમાણપત્રોનું (ફોર્મેટ તરીકે) આ સાથે સામેલ છે, જે ધ્યાને લઈ આવનાર ૫૫ મો વાર્ષિક પદવીદાન સમારંભની પદવી પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવાનો થતો હોય, જે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ / કોન્વોકેશન)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે કેસીજી નું માર્ગદર્શન મેળવવું.**

૭. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૦૨૪ની બીજા સત્રમાં લેવાનારી યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓની રેગ્યુલર–એક્ષ્ટર્નલ પરીક્ષાઓના આયોજન માટે વિવિધ વિદ્યાશાખાઓના એકેડેમિક કેલેન્ડર આ સાથે સામેલ છે, જે અંગે જરૂરી વિચારણા કરવા બાબત....

(પરીક્ષા વિભાગ/સંકલન)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૦૨૪ની બીજા સત્રમાં લેવાનારી યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓની રેગ્યુલર–એક્ષ્ટર્નલ પરીક્ષાઓના આયોજન માટે સંબધિત વિદ્યાશાખાઓના ડીનશ્રી/ અધરધેન ડીનશ્રી દ્વારા તૈયાર કરેલ પરીક્ષાઓનું ટાઈમ ટેબલ સુધારા–વધારા સાથે મંજૂર કરવું.**

૮. યુનિવર્સિટીના એસ.ટી. સેલ અંતર્ગત (૧) સેન્ટર ફોર ટ્રાયબલ(જનજાતિ) સ્ટડીઝ (૨) ટ્રાયબલ(જનજાતિ) મ્યુઝિયમ અને (૩) ભગવાન બિરસા મુંડા ચેર , શરૂ કરવા દરખાસ્ત તૈયાર કરવા માટે નિયુક્ત કમિટી અધ્યક્ષોની સંયુક્ત સભા શુક્રવાર,તા.૦૧/૧૨/૨૦૨૩ના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે, યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી ભવનના IQAC સભાખંડ,રૂમ નં. ૧૦૧૪૧માં રાખવામાં આવેલ હતી. જે કાર્યવાહીના ઠરાવ-૪ મુજબ સેન્ટર ફોર ટ્રાયબલ(જનજાતિ) સ્ટડીઝ અંતર્ગત સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા માટે ચેરપર્સનશ્રી , સેન્ટર ફોર ટ્રાયબલ(જનજાતિ) સ્ટડીઝ તેમજ ગ્રામ અભ્યાસ વિભાગના ઇ. ચા. વિભાગીય વડાશ્રી તરફથી મળેલ દરખાસ્તનો સ્વીકાર કરી , યુનિવર્સિટી સત્તામંડળને મંજૂરી માટે ભલામણ કરેલ છે. જે ભલામણ પર ચર્ચા વિચારણા કરવા બાબત..

વધુમાં, યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝ શરૂ કરવા માટે , વિવિધ પ્રવૃત્તિઓ (સેમિનાર,વર્કશોપ, તાલીમ વગેરે) કરવા તથા રૂ. ૫ ,૦૦,૦૦૦/- ની મર્યાદામાં તથા થનાર ખર્ચ

"યુનિવર્સિટી સલગ્ન પક્ષકારોને લગતી વિવિધ પ્રવૃત્તિઓ (Staff and Stakeholder)" હેઠળ ખર્ચ કરવા તા. ૨૫/૦૫/૨૦૨૩ની નાણાં સમિતિ સભાના ઠરાવ નં. (૮) થી તથા તા.૧૬/૦૬/૨૦૨૩ ની સિન્ડિકેટ સભાના ઠરાવ નં.(૧૪) દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

બિડાણ: (૧) તા.૦૧/૧૨/૨૦૨૩ની સભાની કાર્યવાહી
(૨) તા.૧૬/૦૬/૨૦૨૩ ની સિન્ડિકેટ સભાનો ઠરાવ નં.(૧૪)
(3) Course અંગે માહિતી

(ST સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** સેન્ટર ફોર ટ્રાયબલ(જનજાતિ) સ્ટડીઝ અંતર્ગત સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા માટે ચેરપર્સનશ્રી, સેન્ટર ફોર ટ્રાયબલ(જનજાતિ) સ્ટડીઝ તેમજ ગ્રામ અભ્યાસ વિભાગના ઇ.ચા. વિભાગીય વડાશ્રી તરફથી મળેલ દરખાસ્તનો સ્વીકાર કરી, **સ્ટેન્ડ અલોન સર્ટીફીકેટ કોર્સ તેમજ VAC તરીકે ઓર્ડિનન્સ–૧૮૮ અંતર્ગત મંજૂર કરવામાં આવે છે.**

૯. NEP-2020 અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪થી અમલમાં આવનાર F.Y.B.Com. Sem.-2 અર્થશાસ્ત્ર વિષયનો SECના અભ્યાસક્રમને એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૯ અન્વયે માન.કુલપતિશ્રીને આપેલ સત્તા અન્વયે માનનીય કુલપતિશ્રી ધ્વારા મંજૂર કરવામાં આવેલ, જેનો યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૯–૧૧–૨૦૨૩, ક્રમાંક : એસ./પરિપત્ર/૨૯૫૨૯/૨૦૨૩ થી પરિપત્રિત કરવામાં આવેલ હતો. અર્થશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિનાં ચેરમન/વિનયન વિદ્યાશાખાનાં કાર્યકારી અધ્યક્ષશ્રીએ F.Y.B.Com. Sem.-2 અર્થશાસ્ત્ર વિષયનો SECના અભ્યાસક્રમમાં પેપરનું ટાઈટલ સંચાલકીય અર્થશાસ્ત્રની જગ્યાએ " બજાર માળખું " અંગ્રેજીમાં " Market Structure" રાખવા સુધારા કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૯–૧૧–૨૦૨૩, ક્રમાંક : એસ./પરિપત્ર/૨૯૫૨૯/૨૦૨૩ થી પરિપત્રિત કરવામાં આવેલ F.Y.B.Com. Sem.-2અર્થશાસ્ત્ર વિષયનો SECના અભ્યાસક્રમમાં પેપરનું ટાઈટલ સંચાલકીય અર્થશાસ્ત્રની જગ્યાએ " બજાર માળખું " અંગ્રેજીમાં " Market Structure" રાખવા સુધારા કરવા કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૧૦. આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાના ડીનશ્રીએ તૈયાર કરેલ શૈક્ષણિક વર્ષ 2023-2024 માટે B.ARCH ની નીચે મુજબની સત્રવ્યવસ્થા પર વિચારણા કરવા બાબત.

**TERM SCHEDULE FOR B.ARCH PROGRAM OF ARCHITECTURE & DESIGN FACULTY FOR ACADEMIC YEAR 2023-24**

| | | |
|---|---|---|
| **TERM : I** | | **25/08/2023 TO 11/02/2024** |
| **NO.** | **DETAILS OF ACTIVITIES** | **DURATION** |
| 1 | TEACHING & CONTINUOUS EVALUATION | 25/08/2023 TO 27/01/2024 |
| 2 | EXAMINATIONS : END SEM, JURIES, THEORY | 02/02/2024 TO 11/02/2024 |
| **TERM : II** | | **13/02/2024 TO 31/05/2024** |
| 1 | TEACHING & CONTINUOUS EVALUATION | 13/02/2024 TO 13/05/2024 |
| 2 | UNIVERSITY EXAMINATIONS : END SEM, JURIES, THEORY | 21/05/2024 TO 31/05/2024 |
| 3 | SUMMAR VACATION / SUMMAR SCHOOL | 01/06/2024 TO 14/06/2024 |
| **BEGINNING ON NEW ACADEMIC YEAR 2024-2025** | | **15/06/2024** |

(એકેડેમિકવિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાના ડીનશ્રીએ** તૈયાર કરેલ શૈક્ષણિક વર્ષ 2023-2024 માટે B.ARCH ની **ઉપરોકત** મુજબની સત્રવ્યવસ્થા **મંજૂર કરવામાં આવે છે. અને જાણ સારૂ સિન્ડિકેટમાં રજૂ કરવું.**

૧૧. NONNEP માથી NEP માં પ્રવેશ માટે પોલિસી બનાવવા બાબતે કમ્પ્યુટર સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રીના તા. 16/12/2023 ના આ સાથે સામેલ E-Mail પર વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** NONNEP **માંથી** NEP **માં પ્રવેશ માટે નીતિ બનાવવા બાબતે કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખાના ડીનશ્રીના તા.૧૬/૧૨/૨૦૨૩ ના** E-Mail**અંતર્ગત નીચે મુજબની કાર્યવાહી કરવી.**

**૧.** આપણી યુનિવર્સીટીના જ નોન-**NEP** અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવી કોઈ કારણસર ડ્રોપ લઇ ફરી અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ પુનઃ **NEP** મુજબના નવા અભ્યસક્રમ માં જોડાવા અરજી કરે **તે** કિસ્સામાં જે વિદ્યાર્થીઓએ આપણી યુનિવર્સીટીમાંથી જ સી.બી.સી.એસ. લાગુ પડ્યા બાદ પ્રવેશ લીધેલ હોય, તેવા વિદ્યાર્થીઓને સીધો ક્રેડિટ ટ્રાન્સફરથી ( લઘુત્તમ ૨૨ ક્રેડિટ સેમેસ્ટર દીઠ મેળવેલ હોય તેમજ જે સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તે અગાઉના તમામ સેમેસ્ટરમાં પાસ થયેલ હોવા જરૂરી છે અથવા જે વિષયો માં પાસ થયેલ ના હોય, તે વિષયોના સમકક્ષ હાલ માં લાગુ અભ્યાસક્રમ મુજબ ડીનશ્રી ના અભિપ્રાય મુજબ ક્રેડિટ મેળવવાની શરતે ) સીધો પ્રવેશ આપવો. પરંતુ, સદર વિદ્યાર્થી મલ્ટી-લેવલ એક્ઝીટનો લાભ મેળવી શકશે નહિ. ( સીધો ક્રેડિટ ટ્રાન્સફર એટલે : ઉ.દા.તરીકે, જો વિદ્યાર્થીએ નોન-**NEP** મુજબના અભ્યાસક્રમમાં પ્રથમ સેમેસ્ટરમાં ૨૪-ક્રેડિટ મેળવેલ છે તથા **NEP** મુજબના નવા અભ્યાસક્રમના

દ્વિતીય સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા ઈચ્છે છે, તો આ કિસ્સામાં જો વિદ્યાર્થી નોન-NEP (સી.બી.સી.એસ.) સિસ્ટમ માં થી હોય તો ક્રેડિટ ટ્રાન્સફર થી સીધો પ્રવેશ આપવો તેમજ ખૂટતી ક્રેડિટ સદર વિદ્યાર્થીએ ડીન ના અભિપ્રાય ને ધ્યાને લઇ નવી સિસ્ટમ ના અભ્યાસક્રમમાંથી મેળવવાની રહે.)

૨. જે કિસ્સામાં અન્ય યુનિવર્સીટી ની નોન-NEP સિસ્ટમમાં થી આપણી યુનિવર્સીટીની NEP સિસ્ટમ માં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓને સીધો ક્રેડિટ ટ્રાન્સફર થી ( લઘુત્તમ ૨૨ ક્રેડિટ સેમેસ્ટર દીઠ મેળવેલ હોય તેમજ જે સેમેસ્ટર માં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તે અગાઉના તમામ સેમેસ્ટરમાં પાસ થયેલ હોવા જરૂરી છે અથવા જે વિષયોમાં પાસ થયેલ ના હોય, તે વિષયોના સમકક્ષ હાલ માં લાગુ અભ્યાસક્રમ મુજબ ડીનશ્રીના અભિપ્રાય મુજબ ક્રેડિટ મેળવવાની શરતે ) સીધો પ્રવેશ આપવો. પરંતુ, સદર વિદ્યાર્થી મલ્ટી-લેવલ એક્ઝીટનો લાભ મેળવી શકશે નહિ.

૩. **NON NEP મુજબના વિદ્યાર્થીઓને તેમની મૂળ ટ્રાયલ સહીત કુલ બે ટ્રાયલ આપવી. જો વિદ્યાર્થી પરીક્ષામાં ન બેસે તો પણ અલગથી ટ્રાયલ અપાશે નહી. NON NEP વાળા વિદ્યાર્થીઓને બે ટ્રાયલ આપ્યા બાદ ત્રીજી ટ્રાયલથી NEP મુજબ પરીક્ષા આપવાની થાય ત્યારે કયા વિષયોની પરીક્ષા આપવાની થાય તે અંગે ડીનશ્રી પાસેથી મેપીંગ કરાવી તેના પરીપત્રો કરવા. NON NEP વાળા વિદ્યાર્થીઓ જયારે NEP મુજબ પરીક્ષા આપે ત્યારે માત્ર યુનિવર્સિટી પરીક્ષા આપવાની થાય તથા તેઓના આવા વિષયના ઈન્ટર્નલ પ્રોરેટા મુજબ ગણતરીમાં લેવા.**

૪. **અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર મેળવી લેટરલ એન્ટ્રી તરીકે પ્રવેશ મેળવવા માગંતા હોય પરંતુ જો તેઓએ પાસ કરેલ મેજર અને / અથવા માઈનોર વિષય આપણી યુનિવર્સિટીમાં ચાલતા ન હોય તેવા કિસ્સામાં આપણી યુનિવર્સિટીના અગાઉના સેમેસ્ટરોના મેજર અને / અથવા માઈનોર વિષયની પરીક્ષા આપવાની શરતે પ્રવેશ આપી શકાશે. આવા વિદ્યાર્થીઓ જયારે શરતી વિષયોની પરીક્ષા આપે ત્યારે માત્ર યુનિવર્સિટી પરીક્ષા આપવાની થાય તથા તેઓના આવા વિષયના ઈન્ટર્નલ પ્રોરેટા મુજબ ગણતરીમાં લેવા.**

૫. **આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થી આગળના સેમેસ્ટરમાં પહોચ્યાં બાદ જો મેજર અને / અથવા માઈનોર વિષય બદલવા માંગતા હોય તેવા કિસ્સામાં અગાઉના સેમેસ્ટરોના મેજર અને / અથવા માઈનોર વિષયની પરીક્ષા આપવાની શરતે મેજર અને / અથવા માઈનોર વિષય બદલવાની જે કોલેજમાં વિષય ચાલતો હોય ત્યાં મંજૂરી આપી શકાશે. આવા વિદ્યાર્થીઓ જયારે શરતી વિષયોની પરીક્ષા આપે ત્યારે માત્ર યુનિવર્સિટી પરીક્ષા આપવાની થાય તથા તેઓના આવા વિષયના ઈન્ટર્નલ પ્રોરેટા મુજબ ગણતરીમાં લેવા.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, NON NEP અભ્યાસક્રમમાં કોઈ વિદ્યાર્થીએ કોલેજમાં લેવાતી આંતરીક મૂલ્યાંકન કસોટીમાં ઓછા માકર્સ મેળવેલ હોય અથવા ગેરહાજર હોય પરંતુ તેમની જે તે સત્ર દરમ્યાન હાજરી પૂર્ણ થતી હોય અને નિયમાનુસાર એસાઈન્મેન્ટ જમા કરાવેલ હોય છતા યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ વિથડ્રો થતા હોય તેવા વિદ્યાર્થીઓને આંતરીક મૂલ્યાંકન કસોટી પાસ કરવાની શરતે આગળના સત્રમાં જવા દેવા.**

**અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ બાબત.**

૧૨. તારીખ ૧૭/૧૨/૨૦૨૩ ના રોજ સુરત ખાતે ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન પ્રસંગે આદરણીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલા સુચનને અનુસંધાને સુરતના વૈશ્વિકસ્તરના વ્યાપાર અને વિનિમયને ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટરની ઉભી થયેલી જરૂરિયાતને ધ્યાને લઇ વિદ્યાર્થીઓ માટે વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેની કારકિર્દીની તકો ઉભી થાય તે ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા કોર્સ યુનિવર્સિટી દ્વારાચાલુ કરવા અંગે વિચારણા કરવા બાબત .

( અનુસ્નાતક વિભાગ/ વહીવટી વિભાગ/અંગ્રેજી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તારીખ ૧૭/૧૨/૨૦૨૩ ના રોજ સુરત ખાતે ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન પ્રસંગે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા કરવામાં આવેલા સુચનને અનુસંધાને સુરતના વૈશ્વિક સ્તરના વ્યાપાર અને વિનિમયને ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટરની ઉભી થયેલી જરૂરિયાતને ધ્યાને લઇ વિદ્યાર્થીઓ માટે વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેની કારકિર્દીની તકો ઉભી થાય તે ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા કોર્સ યુનિવર્સિટી ખાતે ચાલુ કરવા અંગે સિન્ડિકેટ સભ્યશ્રીઓ, શિક્ષણવિદો અને આદરણીય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, (ગુજરાત સરકારના રાજ્યકક્ષાના સંસદીય બાબતો, પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણમંત્રીશ્રી) ની પ્રેરક ઉપસ્થિતિમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.**

૧. યુનિવર્સિટી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેન **લેંગ્વેજીસ**ની સ્થાપના કરવામાં આવે અને તેમાં યુ.જી થી પીએચ.ડી સુધીના વિવિધ પ્રોગ્રામ તબક્કાવાર ચાલુ કરવા.

૨. વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, સર્ટિફિકેટ**કોર્સ અને ડિપ્લોમા કોર્સ**ચાલુ કરવા.

૩. વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા સ્ટેન્ડઅલોન સર્ટિફિકેટ**કોર્સ અને ડિપ્લોમા કોર્સ ઓર્ડિનન્સ –૧૮૮ મુજબ** ચાલુ કરવા.

૪. વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા કોર્સ (પેપરો) તૈયાર કરી બી.એ., બી.કોમ, બી.બી.એ., બી.સી.એ., બી.એસ.સી વગેરે દરેક સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માં Multidisciplinary, AEC, SEC ના બાસ્કેટમાં ફાઇન્ડેશનથી લઇ એડવાન્સ સુધી ક્રમાનુસારના સેમેસ્ટરમાં સર્ટિફિકેટ**કોર્સ અને ડિપ્લોમા કોર્સ ઓર્ડિનન્સ –૧૮૮ મુજબ** વિદ્યાર્થીઓને ઓફર કરવા.

ઉપરોક્ત **બાબતે તદ્અનુસાર** યુનિવર્સિટી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેન લેંગ્વેજિસની સ્થાપના કરવાતથા વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તેમજ ટ્રાન્સલેટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચાલુ કરવા અંગેની બાબત લાંબા ગાળાના આયોજન અને **લક્ષ્યાંકમાં** સમાવવા તથા આ સાથે સામેલ પરિશિષ્ટ - ૧ મુજબના પ્રપોઝલનો સ્વીકાર કરી તેમાં જરૂરી સુધારા વધારા **કરવા માનનીય**

**કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે અને આગળની કાર્યવાહી માટે** સરકારશ્રીની મંજૂરી માટે મોકલવા ભલામણ કરવામાં આવે છે. **અને તેની જાણ સિન્ડિકેટને કરવી.**

વધુમાં, નીચે મુજબના (પરિશિષ્ટ - ૨ થી પરિશિષ્ટ - ૧૧ )સર્ટિફિકેટ કોર્સજરૂરી સુધારા વધારા સાથે મંજૂર કરી શરૂ **કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી અને** જેમજેમ જેતે ભાષાના નિષ્ણાત ફેકલ્ટી ઉપલબ્ધ થાય તેમ તેમ આ સર્ટિફિકેટ કોર્સ **તથા અન્ય સર્ટીફીકેટ કોર્સ** શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના દ્વિતિય સત્રથી સ્ટેન્ડઅલોન સર્ટિફિકેટ કોર્સ /VAC/AEC /SEC/MDCતરીકે **યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં** ઓફર કરવા તથા આ કોર્સો યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગ ખાતે **સેન્ટર ફોર ફોરેન લેંગ્વેજીસ** હેઠળ ચલાવવા તેમજ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના પ્રથમ સત્રથી વિવિધ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ**મંજૂર** કરી કોર્સ (પેપર તરીકે) ઓફર કરવા અંગેની મંજૂરી આપવા**માં આવે છે. તથા આ કોર્સોના સંદર્ભમાં જરૂરી વિઝીટીંગ ફેકલ્ટીની નિમણૂંક તથા તેઓને ચુકવવાનું મહેનતાણું નકકી કરવા, કોર્સની ફી નકકી કરવા, ઈન્ફ્રાસ્ટ્રકચર, ચીજવસ્તુઓ અને પુસ્તકો વગેરે માટે જરૂરી બજેટ ફાળવી ખર્ચ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે. તેમજ આ બાબતે વિવિધ એમ્બેસી સાથે MOU કરવા અને તેની જાણ સિન્ડિકેટને કરવી.**

પરિશિષ્ટ - ૧ (Proposal for the Establishment of a Department of Foreign Languages at Veer Narmad South Gujarat University, Surat)

પરિશિષ્ટ - ૨ (Certificate Course Language Interpretation Using AI)

પરિશિષ્ટ - ૩ (Certificate Course in German Language)

પરિશિષ્ટ - ૪ (Certificate Course in French Language)

પરિશિષ્ટ - ૫ (Certificate Course in Spanish Language)

પરિશિષ્ટ - ૬ (Certificate Course in Chinese Language)

પરિશિષ્ટ - ૭ (Certificate Course in Japanese Language)

પરિશિષ્ટ - ૮ (Certificate Course in Dutch Language)

પરિશિષ્ટ - ૯ (Certificate Course in Swedish Language)

પરિશિષ્ટ - ૧૦ (Certificate Coursein Finnish Language)

પરિશિષ્ટ - ૧૧ (Certificate Course in Korean Language)

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન પ્રસંગે આર્કિટેક વિદ્યાશાખાનાવિદ્યાર્થીઓને ડાયમંડ બુર્સ બિલ્ડીંગના સ્થાપત્ય કલા, ગ્રીન બિલ્ડીંગ અને લેન્ડસ્કેપનો અભ્યાસ કરવા સુચન કરેલ જે અંગે આર્કિટેક વિભાગને ઘટતું કરવા જણાવવુ.**

૧૩. શિક્ષણ વિદ્યાશાખા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર સુધારેલ સત્રવ્યવસ્થા શિક્ષણ વિદ્યાશાખાનાં ડીનશ્રીએ રજૂ કરેલ આ સાથે સામેલ સત્રવ્યવસ્થાઅંગે વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડીનશ્રીએ રજૂ કરેલ શિક્ષણ વિદ્યાશાખા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર સુધારેલ સત્રવ્યવસ્થા મંજૂર કરવામાં આવે છે. અને જાણ સારૂ સિન્ડિકેટમાં રજૂ કરવું.**

૧૪. KCGના તા. ૨૬/૦૭/૨૦૨૩ ના પત્રથી પ્રસિધ્ધ કરેલ SOP અનુસાર Internship/ Apprenticeship/On Job Training બાબતે પોલીસી તૈયાર કરવા અંગે મલ્ટિડિસિપ્લિનરી રેગ્યુલેટરી કમિટિ (MRC)ની તા. ૨૭/૦૭/૨૦૨૩ના ઠરાવક્રમાંક : ૦૫ સંદર્ભેએકેડેમિકકાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૮૭ અંતર્ગત નિયુકત સમિતિની તા. ૧૬/૧૨/૨૦૨૩ની સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, KCG ના તા. ૨૬/૦૭/૨૦૨૩ ના પત્રથી પ્રસિધ્ધ કરેલ SOP અનુસાર Internship/Apprenticeship/ On Job Training બાબતે પોલીસી તૈયાર કરવા અંગે મલ્ટિડિસિપ્લિનરી રેગ્યુલેટરી કમિટિ (MRC)ની તા. ૨૭/૦૭/૨૦૨૩ના ઠરાવક્રમાંક : ૦૫ સંદર્ભે એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૮૭ અંતર્ગત નિયુકત સમિતિની તા. ૧૬/૧૨/૨૦૨૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવે છે. અને તેની જાણ સિન્ડિકેટને કરવી.**

૧૫. NEP-2020 અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી અમલમાં આવનાર S.Y.B.Sc.Sem-3 ના Mathemetics ના અભ્યાસક્રમ અંગે ચર્ચા વિચારણા કરતા ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૧૬/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાનાં ડીનશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૧૬/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી અમલમાં આવનાર S.Y.B.Sc.Mathemetics સેમેસ્ટર–૩ માટેનો Major, MDC અને SEC નો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવેલ છે જે મંજૂર કરી વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી અમલમાં આવનાર S.Y.B.Sc. Sem-3 ના Mathemeticsના અભ્યાસક્રમ અંગે ચર્ચા વિચારણા કરતા ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની ની તા.૧૬/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાનાં ડીનશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૧૬. M.Sc.Mathematics (Evening) સેશનનો અભ્યાસક્રમ અંગે ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૧૬/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાનાં ડીનશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૧૬/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર ડિપાર્ટમેન્ટ ખાતે M.Sc. Mathematics Sem.- I, II, III & IV (Evening) સેશનનો કોર્ષ ચાલુ કરવા માટેનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવેલ છે જે મંજૂર કરી જૂન–૨૦૨૪ થી અમલમાં મૂકવા વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, M.Sc. Mathematics Sem.- I, II, III & IV (Evening) સેશનનો અભ્યાસક્રમ અંગે ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૧૬/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાનાં ડીનશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજુર કરવામાં આવે છે.**

૧૭. BBA Sem.-2 માં MIL-2 ના ગુજરાતી અને હિન્દીના અભ્યાસક્રમને SEC ની જગ્યાએ AEC માં ૨ ક્રેડિટનાં રાખવા અને BBA Sem.-2 માં MDC નો Environmental and Ecological Management ના અભ્યાસક્રમમાં Course Title માં Environmental Science ને બદલે Environmental & Ecological Management કરવા અંગે બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧ અન્વયે કરેલ વાણિજય વિદ્યાશાખાનાં અધરધેન ડીનશ્રીએ વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** BBA Sem.-2 માં MIL-2 ના ગુજરાતી અને હિન્દીના અભ્યાસક્રમને SEC ની જગ્યાએ AEC માં ૨ ક્રેડિટનાં રાખવા વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે અને NEP મુજબ તેમના માર્કસ ૨૫ આંતરિક અને ૨૫ બાહ્ય પરીક્ષાના રાખવા વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

BBA Sem.-2 માં MDC નો Environmental and Ecological Management ના અભ્યાસક્રમમાં Course Title માં Environmental Science ને બદલે Environmental & Ecological Management કરવા વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, BBA Sem.-2 માં MIL-2 ના ગુજરાતી અને હિન્દીના અભ્યાસક્રમને SEC ની જગ્યાએ AEC માં ૨ ક્રેડિટનાં રાખવા અનેBBA Sem.-2 માં MDC નો Environmental and Ecological Management ના અભ્યાસક્રમમાં Course Title માં Environmental Science ને બદલે Environmental & Ecological Management કરવા અંગે બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧ અન્વયે કરેલ વાણિજય વિદ્યાશાખાનાં અધરધેન ડીનશ્રીએ વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૧૮. Maruti Suzuki India Limited (MSIL) સાથે MoU અંગે વિચારણા કરતા બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધરધેન ડીનશ્રીએ વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, Maruti Suzuki India Limited સાથે MoU માં નીચે મુજબની શરતોમાં ફેરફાર કરવો જરૂરી હોય તો તે અંગે જરૂરી સુધારા સાથે ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત BBA in Retail Management સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમને વાર્ષિક રૂા.૬૦,૦૦૦/– ફી સાથે ચાલુ કરવા વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(1) Shall cover the enrolled students under accidental policy.The UNIVERSITY is obligated to take personal accident cover for every trainee and all the expenses of the same shall be borne by UNIVERSITY.

(2) UNIVERSITY agrees that it shall not, without MSIL's written consent, use MSIL's name, the MARUTI SUZUKI and " S " logos or any of MSIL Marks or Intellectual Property Rights in connection with its business or in any advertising or promotional materials or activites in any website, press release or in any other communications or services, materials or products provided to third parties, or sponsor the same. The UNIVERSITY agrees that it will not take any actions which will in any manner compromise MSIL's name, the logo or Marks.

(3) The UNIVERSITY is obligated to take personal accident cover for every trainee/student and all the expenses of the same shall be born by UNIVERSITY.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Maruti Suzuki India Limited (MSIL) સાથે MoU અંગે વિચારણા કરતા બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધરધેન ડીનશ્રીએ વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી MOU કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૯. Master of Management Studies (MMS) પ્રોગ્રામની પેપર સ્ટાઈલ અને મૂલ્યાંકન પધ્ધતિ અંગે વિચારણા કરતા બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધરધેન ડીનશ્રીએ વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩**

:: આથી ઠરાવવામાં આવે છે કે, Master of Management Studies (MMS) પ્રોગ્રામની પેપર સ્ટાઈલ અને મૂલ્યાંકન પધ્ધતિ મંજૂર કરવા વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકે વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Master of Management Studies (MMS) પ્રોગ્રામની પેપર સ્ટાઈલ અને મૂલ્યાંકન પધ્ધતિ અંગે વિચારણા કરતા બીબીએ એડહોક અભ્યાસ સમિતિની તા.૧૩/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધરધેન ડીનશ્રીએ વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૨૦. અત્રે યુનિવર્સિટી ખાતે ફેબ્રુઆરીની <u>તા.૨૬/૦૨/૨૦૨૪</u> ના રોજ પદવીદાન સમારંભ યોજાનાર હોય , જેમાં વિવિધ વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓને નીચે દર્શાવેલ કોઠા ની વિગતો અને દાતાશ્રીઓની શરતો મુજબ <u>મેડલ/પ્રાઈઝ/પરિતોષિક</u> આપવાનાં થતાં હોય છે.

જે નીચે કોઠામાં દર્શાવેલ દાતાશ્રીઓની વિષય સાથેની શરતો મુજબ **Bioscience**વિષય માં **HIGHEST CGPA**મેળવતા વિધાર્થીઓ ને મેડલ/પ્રાઈઝ/પરિતોષિક આપવાના થાય છે.

યુનિવેર્સિટી ના અનુસ્નાતક વિભાગ ના પરિપત્ર ક્રમાંક : પીજી/પ્રવેશ/૧૩૦૬/૨૦૨૩ માં જણાવ્યા અનુસાર , યુનિવર્સિટીની મા.એકેડેમીક ની સભા , તા.૩૧/૦૮/૨૦૨૧ ની સભા ઠરાવ ક્રમાંક (૨૪) તેમજ મા.સિન્ડિકેટની તા.૦૯/૦૮/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક (૧૭) નો ઠરાવ અવલોકને લેતા **Bioscience**વિષયમાં નીચે જણાવેલ **Academic Achievement Revised**અનુસાર હવેથી (શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩) થી **HIGHEST CGPA**મેળવતા વિધાર્થીઓને મેડલ/પ્રાઈઝ/પરિતોષિક આપવાના થાય તે પર વિચારણા કરવા બાબત.

| **No.** | **Name of the Medal & Prize** | **Academic Achievement Present** | **Academic Achievement Revised** |
|---|---|---|---|
| **(1)** | **(2)** | **(3)** | **(4)** |
| 1. | SMT. SHARDA AMBELAL DESAI **PRIZE** | For securing highest CGPA amongst the candidates who have offered **BIOSCIENCE** at the **M.Sc.** Degree Examination April-2023. | For securing highest CGPA amongst the candidates who have offered **Botany OR Zoology, OR Microbiology** at the **M.Sc.** Degree Examination April-2022-23. |
| 2. | DR. C. Z. SHAH **MEDAL** | For securing highest CGPA amongst the candidates who have offered **BIOSCIENCE** at the **M.Sc.** Degree Examination April-2023. | For securing highest CGPA amongst the candidates who have offered **Botany OR Zoology, OR Microbiology** at the **M.Sc.** Degree Examination April-2023. |
| 3. | VAIDYARAJ BAPALAL VAIDYA **MEDAL** | For securing highest CGPA amongst the candidates who have offered **Bio-Science** at the **M.Sc.** Degree Examination April-2023 with **Botany** as Special | For securing highest CGPA amongst the candidates who have offered **Botany** at the **M.Sc.** Degree Examination April-2023. |
| 4. | PRIN B. N. PATEL AND DR. C.M. DESAI **MEDAL** | For securing highest **CGPA** at **M.Sc. (Chemistry/Bio-science)(All Branches) & M.Sc. (I.T.)** Degree Examination April-2023. | For securing highest CGPA amongst the candidateswho have offered **(Chemistry/Botany/Zoology/Microbiology OR M.Sc.(I.T.)** Degree Examination Conducted at the end of Second Term of the Academic Year 2022-2023. |
| 5. | HARI OM ASHRAM PRERIT DR. MINU PARABIA GOLD **MEDAL** | For securing highest CGPA amongst the candidates who have offered **Bio-Science** at the **M.Sc.** Degree Examination April-2023 with **Zoology**, as Special Subject. | For securing highest CGPA amongst the candidates who have offered **Zoology** at the **M.Sc.** Degree Examination Conducted at the end of Second Term of the Academic Year 2022-2023. |
| 6. | HARI OM ASHRAM PRERIT DR. MINU PARABIA GOLD **MEDAL** | For securing highest CGPA amongst the candidates who have offered **Bio-Science** at the **M.Sc.** Degree Examination April-2023 with **Microbiology**, as Special Subject. | For securing highest CGPA amongst the candidates who have offered **Microbiology** at the **M.Sc.** Degree Examination Conducted at the end of Second Term of the Academic Year 2022-2023. |

બિડાણ : (૧) મેડલોનું લિસ્ટ
(૨) ક્રમાંક: પીજી/પ્રવેશ/૧૩૨૦૬/૨૦૨૧, તા.૦૮/૦૯/૨૦૨૧ નો પત્ર.

(પરીક્ષા વિભાગ/ કોન્વોકેશન )

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવેર્સિટીના અનુસ્નાતક વિભાગના પરિપત્ર ક્રમાંક : પીજી/પ્રવેશ/૧૩૦૬/૨૦૨૩ માં જણાવ્યા અનુસાર, યુનિવર્સિટીની એકેડેમીક **કાઉન્સિલની** તા.૩૧/૦૮/૨૦૨૧ ની સભા ઠરાવ ક્રમાંક (૨૪) તેમજ સિન્ડિકેટની તા.૦૯/૦૮/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક (૧૭) નો ઠરાવ અવલોકને લેતા **Bioscience**વિષયમાં **ઉપરોક્ત કોલમ નંબર ૪ (ચાર)Academic Achievement Revised** અનુસાર હવેથી (શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩) થી **HIGHEST CGPA** મેળવતા વિધાર્થીઓને મેડલ/પ્રાઈઝ/પરિતોષિક આપવા.

૨૧. અત્રે યુનિવર્સિટી ખાતે ફેબ્રુઆરીની <u>તા.૨૬/૦૨/૨૦૨૪</u> ના રોજ પદવીદાન સમારંભ યોજાનાર હોય,જેમાં વિવિધ વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓને નીચે દર્શાવેલ કોઠા ની વિગતો અને દાતાશ્રીઓની શરતો મુજબ <u>મેડલ/પ્રાઈઝ/પરિતોષિક</u> આપવાનાં થતાં હોય છે.

જે નીચે કોઠામાં દર્શાવેલ દાતાશ્રીની વિષય સાથેની શરત મુજબ **<u>Bachelor of Physiotherapy</u>ની પદવી માં <u>Physiotherapy in Musculoskeletal System</u>**વિષયમાં **<u>HIGHEST MARKS</u>**મેળવતા વિધાર્થીઓ ને **<u>મેડલ/પ્રાઈઝ/પરિતોષિક</u>** આપવાના થાય છે.

યુનિવેર્સિટી ના એકેડેમીક વિભાગ ના પરિપત્ર ક્રમાંક : એકે./પરીપત્ર/૧૪૦૮૩/૨૦૨૧ માં જણાવ્યા અનુસાર, ફિજીયોથેરપી વિષય ની અભ્યાસ સમિતિ ની તા.૧૮/૦૮/૨૦૨૧ ની સભા ઠરાવ ક્રમાંક (૨) તેમજ મા.એકેડેમીકકાઉન્સિલ ની તા.૧૪/૦૯/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧) ના ઠરાવ અવલોકને લેતા **<u>Bachelor of Physiotherapy</u>**નો નવો અભ્યાસક્રમ (શેક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨) મંજૂર કરવામાં આવેલ છે. (એકેડેમીક વિભાગ નો પરિપત્ર તેમજ અભ્યાસક્રમ ની નકલ આ સાથે સામેલ છે.)

જેથી ઉપરોક્ત તમામ હકીકત તેમજ બદલાયેલ અભ્યાસક્રમ ને વાંચણે લેતામાં **<u>Bachelor of Physiotherapy</u>ની પદવીમાં નવા** અભ્યાસક્રમ મુજબ **<u>HIGHEST MARKS</u>**મેળવતા વિધાર્થીઓને <u>મેડલ/પ્રાઈઝ/પરિતોષિક</u> આપવા સંબંધે યોગ્ય તે પર વિચારણા કરવા બાબત.

| **Sr. No.** | **Name of the Medal & Prize** | **Academic Achievement Present** |
|---|---|---|
| 1. | KSD-SGD **MEDAL** | For securing highest number of marks in Physiotherapy in Musculoskeletal System at Third Year Bachelor of Physiotherapy Examination February-2022 |

(પરીક્ષા વિભાગ/કોન્વોકેશન )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Bachelor of Physiotherapy ના** બદલાયેલ અભ્યાસક્રમને **ધ્યાને લેતા Bachelor of Physiotherapyની પદવીમાં નવા** અભ્યાસક્રમ મુજબ **HIGHEST MARKS** મેળવતા વિધાર્થીઓને **નીચે મુજબ મેડલ/પ્રાઈઝ/પરિતોષિક** આપવા.

| **Sr. No.** | **Name of the Medal & Prize** | **Academic Achievement Revised** |
|---|---|---|
| 1. | KSD-SGD **MEDAL** | For securing highest number of marks in Physiotherapy in Musculoskeletal System at Forth Year Bachelor of Physiotherapy Examination -2023 |

૨૨. બી. આર. સી. એમ. કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશન , સુરતના વિધાર્થી યશ મેહુલકુમાર શાહની અરજી અવલોકનાર્થે સાદર.

સદરહુ બાબતે જણાવવાનું કે , યશ મેહુલકુમાર શાહ જે ધો. ૧૨ સેન્ટ્રલ બોર્ડ માંથી પાસ કરી બીબીએના અભ્યાસક્રમમા બી. આર. સી. એમ. કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશન , સુરતની કોલેજમાં એડમિશન લઈ પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરી તેની બધા સેમેસ્ટરની માર્કશીટ મેળવી લીધેલ હતી. પરતું તેમની બધી જ માર્કશીટમાં **Shah Yash Mehulkumar Shah**એમ છપાયેલ છે. તેમણે

નામમાં સુધારો કરવા માટે ફેકલ્ટી પર અરજી કરેલ છે. જે અરજીમાં તેઓ પોતાનું નામ Shah Yash Mehulkumarસુધારો કરવા જણાવે છે, પરતું તે સેન્ટ્રલ બોર્ડનો વિધાર્થી હોય તેમની ધો.૧૨ની માર્કશીટમાં પહેલા નામ એટલે કે, Yash Shah આવે છે અને પછી માતાનું નામ અને પિતાજીનું નામ અટક સાથે અલગથી આવે છે,વિધાર્થીએ પિતાજીના નામ સાથે પોતાની માર્કશીટમાં સુધારો કરવા જણાવેલ હોય,

**ઉપરોક્ત બાબતે આ કાર્યાલયની તા. ૧૩-૧૨-૨૩ ની કાર્યાલય નોંધ પર પરીક્ષા નિયામકશ્રીના આદેશ મુજબ સદર વિધાર્થીનું એનરોલમેન્ટ થયેલ તે મુજબ શું નામ હતું ? એકેડેમિક વિભાગ પાસેથી માહિતી મેળવી પછી રજૂ કરશો. એમ જણાવેલ હતું જે બાબતે એકડેમિક વિભાગ પાસેથી માહિતી માગવામાં આવે હતી, જે આ સાથે સામેલ છે. સદર વિધાર્થીનું એનરોલમેન્ટ થયેલ તે મુજબનું નામ SHAH YASH MEHULKUMAR SHAH હતું એમ જણાવેલ છે.**

તો આ વિધાર્થીનું ધો. ૧૨ ની માર્કશીટ પ્રમાણે જે નામ હોય એટલે કે, Yash Shah પહેલા નામ અને પછી અટક આવતી હોય,સાથે માતાનું અથવા પિતાજીનું નામ આવતું હોય, (વિધાર્થી અરજીમાં જણાવે તે મુજબ) તે નામ મુજબ સુધારો કરીએ ? આવા બીજાતમામ વિધાશાખાના વિધાર્થીઓ માટે પણ આજ રીતે સુધારો કરીએ કે કેમ?

ગુજરાત રાજ્યમાં જે વિધાર્થી ધો. ૧૨માં અભ્યાસ કરીને આવે તેમના નામમાં પહેલા અટક પછી વિધાર્થીનું નામ અને ત્યાર પછી પિતાજીનું નામ આવે છે.

(પરીક્ષા વિભાગ/ માર્કશીટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** બી. આર. સી. એમ. કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશન , સુરતના વિધાર્થી યશ મેહુલકુમાર શાહની **વિનંતી નિયમાનુસાર ફી લઈ સ્વીકારવી.**

૨૩. **શૈક્ષણિક બાબતોનાં સંદર્ભમાં ડીનશ્રી/અધરધેન ડીનશ્રીનાં મેળવવમાં આવતા અભિપ્રાય અંગે વિચારણા કરવા બાબત.**

(પરીક્ષા વિભાગ/સેનેટ/સિન્ડિકેટ વિભાગ/ એકેડેમિક/અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક બાબતોનાં સંદર્ભમાં વર્તમાન ડીનશ્રી/અધરધેન ડીનશ્રી /પૂર્વ ડીનશ્રી/અધરધેન ડીનશ્રી નો અભિપ્રાય મેળવી તદ્અનુસાર કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૨૪. તારીખ ૧૭/૧૨/૨૦૨૩ ના રોજ સુરત ખાતે ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન પ્રસંગે આદરણીય પ્રધાનમંત્રીશ્રી **નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા કરવામાં આવેલા** સુચનને અનુસંધાને સુરતના વૈશ્વિક સ્તરના વ્યાપાર અને વિનિમયને ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટરની ઉભી થયેલી જરૂરિયાતને ધ્યાને લઇ વિદ્યાર્થીઓ માટે વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેની કારકિર્દીની તકો ઉભી થાય તે ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા કોર્સ યુનિવર્સિટી ખાતે ચાલુ કરવા અંગે **યુનિવર્સિટી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેન લેંગ્વેજીંસની વિધિવત સ્થાપના/કાર્યરત થાય ત્યા સુધી સેન્ટર ફોર ફોરેન લેંગ્વેજીંસ ચાલુ કરવા વિચારણા કરવા બાબત.**

( અનુસ્નાતક વિભાગ/ વહીવટી વિભાગ/અંગ્રેજી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** તારીખ ૧૭/૧૨/૨૦૨૩ ના રોજ સુરત ખાતે ડાયમંડ બુર્સના ઉદ્ધાટન પ્રસંગે આદરણીય પ્રધાનમંત્રીશ્રી **નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા કરવામાં આવેલા** સુચનને અનુસંધાને સુરતના વૈશ્વિક સ્તરના વ્યાપાર અને વિનિમયને ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટરની ઉભી થયેલી જરૂરિયાતને ધ્યાને લઇ વિદ્યાર્થીઓ માટે વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેની કારકિર્દીની તકો ઉભી થાય તે ધ્યાને લઇ વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા કોર્સ યુનિવર્સિટી ખાતે ચાલુ કરવા અંગે **સિન્ડિકેટ સભ્યશ્રીઓ, શિક્ષણવિદો અને આદરણીય શ્રી પ્રફુલભાઈ** પાનશેરીયા, (ગુજરાત સરકારના રાજ્યકક્ષાના સંસદીય બાબતો, પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણમંત્રીશ્રી) ની પ્રેરક ઉપસ્થિતિમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

૧. યુનિવર્સિટી ખાતે **સેન્ટર ફોરફોરેન લેંગ્વેજીસ**ની સ્થાપના કરવામાં આવે અને વિવિધ **અભ્યાસક્રમો** તબક્કાવાર ચાલુ કરવા.

૨. વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા વિવિધ **અભ્યાસક્રમો,** સર્ટિફિકેટ**કોર્સ અને ડિપ્લોમા કોર્સ** ચાલુ **કરવા.**

૩. વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા સ્ટેન્ડઅલોન સર્ટિફિકેટ**કોર્સ અને ડિપ્લોમા કોર્સ ઓર્ડિનન્સ –૧૮૮ મુજબ** ચાલુ **કરવા.**

૪. વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા કોર્સ (પેપરો) તૈયાર કરી બી.એ., બી.કોમ, બી.બી.એ., બી.સી.એ., બી.એસ.સી વગેરે દરેક સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માં Multidisciplinary, AEC, SEC ના બાસ્કેટમાં ફાઇન્ડેશનથી લઇ એડવાન્સ સુધી ક્રમાનુસારના સેમેસ્ટરમાં સર્ટિફિકેટ**કોર્સ અને ડિપ્લોમા કોર્સ ઓર્ડિનન્સ –૧૮૮ મુજબ** વિદ્યાર્થીઓને ઓફર **કરવા.**

ઉપરોક્ત બાબતે યુનિવર્સિટી ખાતે **સેન્ટર ફોરફોરેન લેંગ્વેજીસ**ની સ્થાપના**કરી તેમા** વિવિધ ભાષાઓના ઇન્ટરપ્રિટર તેમજ ટ્રાન્સલેટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા વિવિધ અભ્યાસક્રમો ચાલુ કરવા**તથા** તેમાં જરૂરી સુધારા વધારા **કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે અને આગળની ઘટતી કાર્યવાહી કરવી અને તેની જાણ સિન્ડિકેટને કરવી.**

**વધુમાં,** નીચે મુજબના (પરિશિષ્ટ - ૨ થી પરિશિષ્ટ - ૧૧ ) સર્ટિફિકેટ કોર્સજરૂરી સુધારા વધારા સાથે મંજૂર કરી શરૂ **કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી** તથા જેમજેમ જેતે ભાષાના નિષ્ણાત ફેકલ્ટી ઉપલબ્ધ થાય તેમ તેમ આ સર્ટિફિકેટ કોર્સ **તથા અન્ય સર્ટીફીકેટ કોર્સ** શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪ ના દ્વિતિય સત્રથી સ્ટેન્ડઅલોન સર્ટિફિકેટ કોર્સ /VAC/AEC/SEC/MDCતરીકે **યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં** ઓફર કરવા તથા આ કોર્સો યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગ ખાતે **સેન્ટર ફોર ફોરેન લેંગ્વેજીસ** હેઠળ ચલાવવા તેમજ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના પ્રથમ સત્રથી વિવિધ અભ્યાસક્રમ**મંજૂર કરી** કોર્સ (પેપર તરીકે) ઓફર કરવા અંગેની મંજૂરી આપવા**માં આવે છે. તથા આ કોર્સોના સંદર્ભમાં જરૂરી વિઝીટીંગ**

**ફેકલ્ટીની નિમણૂંક તથા તેઓને ચુકવવાનું મહેનતાણું નકકી કરવા, ઈન્ફ્રાસ્ટ્રકચર, ચીજવસ્તુઓ અને પુસ્તકો વગેરે માટે જરૂરી બજેટ ફાળવી ખર્ચ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે. તેમજ આ બાબતે વિવિધ એમ્બેસી સાથે MOU કરવા અને તેની જાણ સિન્ડિકેટને કરવી.**

પરિશિષ્ટ - ૧ (Proposal for the Establishment of a Centre for Foreign Languages at Veer Narmad South Gujarat University, Surat)

પરિશિષ્ટ - ૨ (Certificate Course Language Interpretation Using AI)

પરિશિષ્ટ - ૩ (Certificate Course in German Language)

પરિશિષ્ટ - ૪ (Certificate Course in French Language)

પરિશિષ્ટ - ૫ (Certificate Course in Spanish Language)

પરિશિષ્ટ - ૬ (Certificate Course in Chinese Language)

પરિશિષ્ટ - ૭ (Certificate Course in Japanese Language)

પરિશિષ્ટ - ૮ (Certificate Course in Dutch Language)

પરિશિષ્ટ - ૯ (Certificate Course in Swedish Language)

પરિશિષ્ટ - ૧૦ (Certificate Coursein Finnish Language)

પરિશિષ્ટ - ૧૧ (Certificate Course in Korean Language)

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સેન્ટર ફોર ફોરેન લેંગ્વેજીસ હેઠળ શરૂ કરવામાં આવનાર કોર્સોના સંચાલન માટે નીચે મુજબના સભ્યોની સમિતિ પર નિયૂકતી કરવી.**

૧. ડૉ. સુનિલ શાહ – કન્વીનરશ્રી
૨. ડૉ. અર્પિત દવે – કો–કન્વીનરશ્રી
૩. ડૉ. અશોકભાઈ પટેલ (V.C. ARIU,Yerevan)
૪. ડૉ. જી.કે. નંદા
૫. ડૉ. કમલેન્દુ પાંડે
૬. ડૉ. યોગેશ વાંસિયા
૭. ડૉ. ભાવેશ વનપરીયા
૮. ડૉ. કલ્પેશ પટેલ ( વી.ટી.ચોકસી બી.એડ્. કોલેજ)
૯. ડૉ. મેહુલ શાહ
૧૦. ડૉ. જયોતિબેન સિંઘ
૧૧. ડૉ. વિરાજબેન દેસાઈ

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેન લેગ્વેજીસની વિધિવત સ્થાપના/કાર્યરત થયા બાદ સેન્ટર ફોર ફોરેન લેગ્વેજીસ સદર ડિપાર્ટમેન્ટ હેઠળ ચલાવવું.**

**ક્રમાંક :એસ./એ.કા./કા.વા./૩૧૦૭૭/૨૦૨૩** Sd/-
**તા.૧૮/૧૨/૨૦૨૩** **કુલસચિવ**

**પ્રતિ,**

**એકેડેમિક  કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ.....**